# ડીસા શહેરમાં તહેવારો પૂર્વે ટ્રાફિક સમસ્યા જટીલ બની

થરાદ, તા.૬

ડીસા શહેરમાં દિવાળીના તહેવાર પૂર્વે લોકોની ભીડ તેમજ વાહનોના જમેલાને લઈ ટ્રાફિક સમસ્યા જટીલ બનવા પામી છે. વહેલી સવારથી લઈ મોડી રાત સુધઈ ડીસા શહેરમાં વાહનોનો જમેલો તેમજ હાઈવે માર્ગ પર પણ વાહનોની મોટી અવરજવર જોવા મળી રહી છે.

ગુજરાતમાં દિવાળીના તહેવારનું આનોખું મહત્વ છે. લોકો વર્ષ ભરની આળસ અને એકબીજા પ્રત્યેનો ટ્રેષ ખંખેરી દિવાળીના દિવસે જીવનને પ્રકાશમય બનાવી નવા વર્ષની શુભ શરૂઆત કરે છે. લોકો ધંધાર્થે ગમે ત્યાં રહેતા હોય પણ દિવાળીનો તહેવાર ઉજવવા માટે તો અવશ્ય ઘેર આવે છે. બીજી તરફ વિવિધ વસ્તુઓની ધુમ ખરીદી ચાલી રહી છે એટલે બજારમાં પણ ભારે ભીડ જોવા મળી રહી છે. લોકો વહેલી સવારથી લઈ મોડી રાત સુધી બજારમાં ખરીદતા જોવા મળે છે. વિવિધ પ્રકારની ખાદ્યચીજો, કપડાં, ફર્નિચરની ખરીદી માટે લોકની ભારે અવરજવર જોવા મળી રહી છે. અત્યારે ડીસા શહેરના હાર્દસમા ફુવારા સર્કલ, બગીચા સર્કલ, મેઈન બજાર, ગાંધીચોક, ગાયત્રી મંદિર,સહિતના વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યા વકરતાં વાહન ચાલકોને ભારે પરેશાની વેઠવી પડે છે. જોકે ડીસા શહેરમાં ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક બિગ્રેડના જવાનો કાર્યરત હોવા છતાં તેઓ માર્ગ વચ્ચે પડેલા નડતર રૂપ વાહનો હટાવવાને ગામડાના વાહન ચાલકોને અટકાવી ચેકીંગના બહાને દિવાળી સુધારતા હોવાનું જણાઈ રહ્યું છે. અત્યારે શહેરના બગીચા વિસ્તારમાં ટ્રાફિક પોઈન્ટ હોવા છતાં વાહન ચાલકો ટ્રાફિકને અડચણ રૂપ ગાડીઓ કલાકો સુધી ઉભી રાખે છે પરંતુ તેમની સામે કોઈ પગલાં ભરવામાં આવતા નથી.

# મહેસાણા નજીકના જગુદણ ગામે રોયલ્ટીના મુદ્દે તોડ કરવા જતાં ચાર શખ્સો ઝડપાયા

મહેસાણા, તા. ૬

ખાણ અને ખનિજ વિભાગના અધિકારી તથા ખાનગી ન્યૂઝ ચેનલના રીપોર્ટર તરીકે ઓળખ આપીને મહેસાણા નજીકના જગુદણ ગામ પાસે ફાર્મ હાઉસ ધરાવતા એક ખેડૂત પાસે ખેતરમાં પુરાણ માટે લવાયેલ માટી બાબતે રૂપિયા પચાસ હજારની માંગણી કરવામાં આરોપસર ચાર ઈસમો વિરૂધ્ધ મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ થતાં જિલ્લામાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

જાણવા મળ્યા મુજબ મહેસાણા તાલુકાના પુનાસણ ગામનાં વતની અને જગુદણ ગામની સીમમાં ફાર્મ હાઉસ ધરાવતા ખેડૂત પ્રકાશભાઈ ચૌધરીએ ખેતરમાં ગ્રીન હાઉસ બનાવવા માટે માટી નાંખવી હતી. દરમિયાન એક ખાનગી ન્યૂઝ ચેનલના રીપોર્ટર તથા ખાણ અને ખનિજ વિભાગના અધિકારી ન્યૂઝ ચેનલના રીપોર્ટર તથા ખાણ અને ખનિજ વિભાગના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને ચાર ઈસમો સ્કોર્પિયો મોટરકારમાં ઉપરોક્ત ખેડૂતના ફાર્મ હાઉસ પર પહોંચ્યા હતા. અને તમોએ ખેતરમાં માટી નાંખવા રોયલ્ટીની ચોરી કરી હોઇ રૂપિયા ૫૦ હજાર આપવા પડશે તેમ જણાવ્યું હતું. જેથી ખેડૂતને આ ઈસમો પર શંકા જતાં તેમણે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને જાણ કરતાં પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને ચારેય ઈસમોને ઝડપી લીધા હતા.

આ અંગે ખેડૂતની ફરિયાદના આધારે મહેસામા તાલુકા પોલીસે હાર્દિક અરવિંદભાઈ બારોટ ખાનગી ન્યૂઝ ચેનલના કહેવાતા રીપોર્ટર, હસમુખપુરી નારણપુરી બાવા, રહે. કંથરાવી, તા. ઊંઝા, સંજય કાન્તિલાલ પટેલ, રહે. દેવીનાપુરા, હાલ મહેસાણા, તથા પંકજ મફતલાલ ઓઝા, રહે. મહેસાણાને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે પુષ્ય નક્ષત્ર હોઈ બજારોમાં જામી ભીડ

આજે પુષ્ય નક્ષત્રમાં ડીસા - પાલનપુર સહિતના શહેરી બજારોમાં સોના - ચાંદીની દુકાનો મોડી રાત સુધી ધમધમતી રહી હતી. જો કે નક્ષત્ર સાથે સપ્તમીનો શુભ સંયોગ રચાતા મોટા ભાગે સોના ચાંદીની ખરીદી થઈ હતી. પવિત્ર ગણાતા પુષ્ય નક્ષત્રમાં સોના ચાંદી, મકાન અને વાહનની ખરીદી સ્થિર લક્ષ્મીની તનિશાની ગણાય છે. આ વખતે બે દિવસ પુષ્ય નક્ષત્રનો સંયોગ રચાયો છે.

આજે જ્વેલર્સની દુકાનોમાં ભીડ જોવા મળી હતી. જેના કારણે જ્વેલર્સની દુકાનો શિયાળાના ચમકારાની વચ્ચે પણ મોડી રાત સુધી ધમધમી હતી. તેથી આજે પણ ખરીદી માટે લોકો ઉમટી પડતા બજારમાં ભીડ જામી હતી. તેવો વેપારીઓએ આશાવાદ વ્યક્ત કર્યો હતો. જો કે સોના ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા છે. પરંતુ દિવાળી બાદ લગ્નોની સિઝન શરૂ થતી હોઈ લોકો પુષ્ય નક્ષત્રના પાવન દિવસે સોના ચાંદીની ખરીદી કરી હતી.

# પાલનપુરમાં પ્રોફેસરના રૂા. ૯ લાખની લૂંટનો ભેદ પાલનપુર-અમદાવાદ પોલીસે ઉકેલી લીધો

## છારા કોમના બે શખ્સોને મુદ્દામાલ બાઈક સાથે ઝડપી પાડ્યા

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૬

પાલનપુરમાં ગત તા. ૧લી નવેમ્બર ૨૦૧૨ના રોજ થયેલ કોમર્સ કોલેજના પ્રોફેસર એમ.કે. મકવાણા બપોરે નવા ઘરમાં પેમેન્ટના આપવાના નાણાં રૂા. ૯ લાખ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, જૂના ગંજ રોડ ઉપરથી લઈને ઘરે જતા હતા. તે દરમિયાન કોલેજ પાછળ આવેલ જામપુરા પ્રા. શાળા પાસે તે રૂપિયા સ્કૂટર પર પાછળ બેઠેલા પ્રો. ધંધુકીયાના હાથમાંથી પાછળથી કોઈએ બૂમ પાડી સ્કૂટર પ્રો. મકવાણાએ ધીમે કરતાં અજાણ્યા બાઈક સવારો રૂા. ભરેલી થેલી લઈ નાસી છૂટ્યા હતા અને આમ ધોળે દહાડે રૂા. ૯ લાખની લૂંટ પશ્ચિમ પોલીસ સ્ટેશને નોંધાયેલ જેની તપાસ અમદાવાદ સુધી બ.કા. એ.પી. અશોક યાદવ, પોબે ડીવાએસપી જાડેજા એસબીઆઈમાંથી અંદરના સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરેલ. તેના આધારે પાલનપુર પોલીસ અને અમદાવાદની સરદાર નગર પોલીસ સાથે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આજે તા. ૬ નવેમ્બરના રોજ રોકડ રકમ અને બાઈક સાથે ઝડપી લીધો હતો.

આ ઘટના અંગે આજે ટેલિફોન ઉપર વિગતો આપતા પ્રોબેશન ડીવાયએસપી જાડેજાએ જણાવેલ કે આ લૂંટ અંગે પીઆઈ અશોક યાદવના માર્ગદર્શન હેઠળ બેંક મેનેજર શાહ જોડેથી સીસીટીવી ફુટેજ પ્રોફેસરે લેવડ દેવડ દરમિયાન ફુટેજ મેળવી બે શંકમંદો પર શકના આધારે આગળની તપાસ હાથ ધરાયેલ. તે બે શકમંદો અમદાવાદની છારા ગેંગના મોડસ ઓપરેન્ડી વાળા હોવાનું જણાતા પોલીસ ટીમ અમદાવાદ પહોચી હતી. ત્યારે સરદારનગર પોલીસ સાથે ડીવાયએસપી જાડેજા અને એલસીબી, એસઓજી તથા પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સુરેજા સાથે મળીને પાલનપુરની લૂંટનો ભેદ આખરે પાંચ દિવસમાં ઉકેલી દઈને અમદાવાદ સરદારનગરના અલ્પેશ ગોપાલભાઈ ઈન્દ્રકર છારા, કિરીટ પુનમભાઈ ઈન્દ્રકર છારાની અટકાયત કરી રૂા. ૯ લાખ રોકડ અને લૂંટ કરતી વખતે વપરાયેલ બાઈક સરદારનગર પોલીસે અટકાયત કરી હતી. આ આરોપીઓને લેવા પાલનપુર પોલીસ ટીમ અમદાવાદ રવાના થયેલ હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. લૂંટનો ભેદ ઉકેલાઈ જતાં પોલીસની કામગીરીથી લૂંટનો ભોગ બનનાર કોમર્સ કોલેજના પ્રોફેસર મહેશભાઈ કે. મકવાણા અને તેમના પરિવારજનો કોલેજ સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

# ‘સફલ પિગાસસ’માં આગ લાગી : સેંકડોને બચાવાયા

## ૧૨ લોકોને ઇજા : ફાયરબ્રિગેડની ૧૫ ગાડી, બે સ્નોરકેલ બચાવ કાર્યમાં : આગથી કોઇ દાઝ્યું કે બેભાન થયું નથી

અમદાવાદ, તા. ૬

અમદાવાદ શહેરના પોશ ગણાતા સેટેલાઇટ વિસ્તારમાં પ્રહલાદનગર ગાર્ડન નજીક આવેલા સફલ પિગાસસ નામના બહુમાળી કોમર્શિયલ બિલ્ડીંગના ઈલેક્ટ્રીક કેબલમાં આજે બપોરે એકાએક આગ લાગતાં ધુમાડાના ગોટેગોટા નીકળતાં બિલ્ડીંગ નજીક લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. ધુમાડાના કારણે બિલ્ડીંગમાં સંખ્યાબંધ લોકોને ગુંગળામણની અસર થઈ હતી અને એક છોકરીને હાથે ફ્રેક્ચર થયું હતુ. આ બનાવમાં આગથી કોઇ દાઝ્યું નથી. પરંતુ ૧૨ને ઈજા થઈ હતી.

ફાયરબ્રિગેડ સૂત્રોના જણાવ્યા મુજબ આજે બપોરે ૨.૪૦ વાગ્યાની આસપાસ સફલ પિગાસસ બિલ્ડીંગના છઠ્ઠા માળે ઈલેક્ટ્રીક કેબલમાં શોર્ટ સર્કિટ થતાં એકાએક આગ ફાટી નીકળતાં ધુમાડાના ગોટેગોટા સમગ્ર બિલ્ડીંગમાં ફેલાઇ ગયા હતા. આગ બિલ્ડીંગના તમામ માળના કેબલમાં પ્રસરી ગઇ હતી. ફાયરબ્રિગેડને કોલ મળતાં ૧૫ ગાડીઓ બચાવકાર્ય માટે ઘટના સ્થળે પહોંચી ગઇ હતી. આ ઉપરાંત બે સ્નોરકેલ પણ પહોંચી ગઇ હતી. ધુમાડો મોટાભાગની ઓફિસોમાં પ્રસરતા દિવાલો અને ફર્નિચર પર કાળા ધબ્બા થઇ ગયા છે. ધુમાડાથી બિલ્ડીંગમાં મોટાભાગના લોકોને ગુંગળામણની અસર થઇ હતી. ચીફ ફાયર ઓફિસર મેનોઝ દસ્તુરે જણાવ્યું હતું કે, ૨૦૦ લોકોને ધુમાડાથી બચાવીને મોઢા પર રુમાલ મુકાવીને બિલ્ડીંગની સીડી દ્વારા નીચે સહીસલામત ઉતારવામાં આવ્યા હતા. આગથી કોઇ બેભાન થયું નથી અને કોઇ દાઝ્યું નથી. અંદાજે ૧૨ વ્યક્તિને ઈજા થઇ હતી. દોઢ કલાકમાં આગ બુઝાવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. બિલ્ડીંગમાં આગ લાગતાં બહાર લોકોના ટોળેટોળા એકત્ર થઇ ગયા હતા અને પોલીસે ટોળાને દૂર કરવાની ફરજ પડી હતી.

# ખેરચામાં બંધ મકાનમાં ચોરી

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ખેરચા ગામે બંધ મકાનમાં કોઈ ચોર ઈસમોએ રૂ. ૧૪,૫૦૦ની ચોરી કરી લઈ ગયેલાની શામળાજી પોલીસમથકે નોંધ થઈ હતી.

તા. ૩, ૪/૧૧/૧૨ ના રાત્રીના કોઈપણ સમય દરમ્યાન ખેરચા ગામે મનોહરસિંહ વિક્રમસિંહ ચંપાવતના બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી કોઈ ચોર ઈસમોએ તિજોરી, પેટીપલંગ તથા ડ્રોઅર કોઈ પણ રીતે તોડી નાખી અંદરથી તલવાર, ઘડીયાળ, સોનાની વીંટી, સાલ બ્લેંકેટ, જાકીટ, દસ્તાવેજ તથા રોકડા રૂ. ૧૦૦૦ મળી કુલ રૂ. ૧૪,૫૦૦ના મત્તાની ચોરી કરી લઈ ગયેલાની શામળાજી પોલીસ સ્ટેશને તા. ૫-૧૧-૧૨ના રોજ મનોહરસિંહ વિક્રમસિંહ ચંપાવત રહે. ખેરચાનાઓએ ફરીયાદ નોંધાઈ હતી. આ અંગે શામળાજી અ.હે.કો. પ્રવિણભાઈ અળખાભાઈ ઈ.પી.કો. ક. ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભારત સંચાર નિગમ એક્ઝીક્યુટીવ એસોસીએશન કોન્ફરન્સ યોજાઈ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેર ખાતે આજે ભારત સરકાર સંચાર નિગમ એક્ઝીક્યુટીવ એસોસીએશનની જિલ્લા કોન્ફરન્સ અને ફરિયાદ સંદર્ભનો ખુલ્લો મંચ યોજાયો હતો. જેમાં નિગમના કર્મચારીગણ અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે યોજાયેલા આ મંચમાં અધિકારીગણના વિવિધ પ્રશ્નો, ફરિયાદો તથા સેવાકીય કાર્યમાં વિશેષ સેવાઓ તેમજ કેટલાક વણઉકલ્યા પ્રશ્નોની મુક્તમને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઝડપી યુગમાં નિગમ દ્વારા વિશેષ સેવા ઉપલબ્ધ કરવામાં આવી હતી. ઉપરાંત કારોબારીની રચના કરવામાં આવી હતી. જિલ્લા પ્રમુખ પદે એચ.એમ. પટેલ, સેક્રેટરી આર.એમ. ગોર, સર્કલ એકમમાં રાજેન્દ્રસિંહ રાઠોડની નિમણુંક કરવામાં આવી હતી. બાદમાં નિવૃત્ત કર્મચારી એ.જી. પટેલનું શાલ ઓઢાડી, મોમેન્ટો આપી ભવ્ય સન્માન કર્મચારી અધિકારી ગણ દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠકમાં નિગમના ગુજરાત સર્કલના બી.જી. પટેલ, રાકેશ મહેતા, ડી.જી. શાહ, સુનિલકુમાર હાજર રહ્યા હતા.

# નિબંધ લેખન સ્પર્ધામાં દિપીકા પરમારનો પ્રથમ નંબર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામની કે. કે. પટેલ વિદ્યાલયની વિદ્યાર્થિની કુ. દિપીકા રમેશભાઈ પરમારે તાજેતરમાં રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા જિલ્લા યુવક મહોત્સવની નિબંધ લેખન સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિબંધ લેખન સ્પર્ધામાં દિપીકાબેન પરમારે ‘હાય રે મોંઘવારી’ વિષય પર ઉત્તમ કક્ષાની રજૂઆત કરી જિલ્લામાં પ્રથમ નંબર મેળવ્યો છે. શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાએ તથા શાળા પરિવારે માર્ગદર્શક પ્રકાશભાઈ પટેલ અને દિપીકા પરમારને અભિનંદન પાઠવ્યા છે.

# શહેરના મુખ્ય બજારોમાં ખરીદી માટે લોકો ઉમટ્યા

અમદાવાદ, તા. ૬

દિવાળીના તહેવારને હવે માત્ર ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના બજારોમાં ખરીદી કરવા લોકો ઉમટી પડ્યા છે અને શહેરના રસ્તાઓ ઉપર મોડી રાત સુધી ટ્રાફિક જામના દ્રશ્યો ઠેર ઠેર જોવા મળ્યા હતા તો ઈમરજન્સી એમ્બ્યુલન્સ વાન પણ ટ્રાફિક જામમાં અટવાઈ જવા પામી હતી. શહેરના હાર્દ સમા ગણાતા એવા ત્રણ દરવાજા, ભદ્ર, પાનકોર નાકા, કાલુપુર, બાપુનગર, રખિયાલ સહિત પૂર્વમાં મણિનગર, ઈસનપુર તેમજ ગીતામંદિર, રાયપુર, રીલીફ રોડ, ગાંધીરોડ, સ્ટેડિયમ સર્કલ, નારણપુરા અંકુર રોડ, ગુરુકુળ, ઈસ્કોન ચાર રસ્તા, વિજય ચાર રસ્તા, નવરંગપુરા જેવા વિસ્તારોમાં આવેલ દુકાનોમાં લોકો ખરીદી માટે ઉમટી પડતા ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અને વાહન ચાલકોને આ ટ્રાફિકમાંથી પસાર થતા અર્ધોકલાકથી એક કલાકનો સમય વીતી જતો હોવાથી વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યા છે.

દિવાળીની ખરીદી માટે મોટાભાગે લાલદરવાજા, ત્રણ દરવાજા, રીલીફ રોડ ઉપર ગામડાના દુકાનદારો કાલુપુરમાં મોટા ભાગે ખરીદી કરવા આવતા હોય છે. હાલમાં લોકો તૈયાર કપડાં તેમજ ઘર સુશોભનની વસ્તુઓ ખરીદવામાં લાગી ગયા છે. જ્યારે મોલ કલ્ચરમાં ઉમટી પડેલા લોકો ઘરની ચીજવસ્તુઓ ખરીદવા આવતા લોકોને બીલીંગી માટે પણ લાંબી લાઈનમાં સમય વિતાવવો પડ્યો હોવાનું જોવા મળતું હતું.

હજુ તો સામાન્ય લોકોના પગાર બોનસ એકાદ બે દિવસમાં આવશે એટલે દિવાળીની ખરીદીમાં હજુ લોકોની ભીડ વધુ જોવા મળશે તેવા સમયે ટ્રાફિકનું વ્યવસ્થિત સંચાલન થાય તે માટે ટ્રાફિક પોલીસે પણ વધુ તકેદારીપૂર્વક કાર્ય કરી કેમ જલદી ટ્રાફિક સરળ બને તે માટે વિચારવું જોઈએ. બાપુનગર, મણીનગર, નારણપુરા અંકુર રોડ, સ્ટેડિયમ સર્કલ અને ગુરુકુળ જેવા વિસ્તારોમાં પણ લોકો ટ્રાફિકમાં અટવાતા જોવા મળ્યા હતા. સવાર સાંજ પીકઅવર્સ સમયે ટ્રાફિક એવો જામ થાય છે કે રસ્તામાં જો ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને પણ આવા ટ્રાફિકમાં અટવાઈ જવું પડે છે. જેમાં દર્દીને બચાવવામાં દર્દીનું મોત કદાચ રસ્તામાં જ થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

## કાંકરેજ તાલુકાના ઉબરી ગામે ઢોલાસર તળાવ કુદરતી સૌંદર્યથી ભાસી રહ્યું છે

ગુજરાત રાજ્યમાં બનાસકાંઠા જિલ્લાના ઉબરી ગામે આવેલ ઢોલાસર તળાવમાં કુદરતી કમળ ખીલી ઉઠ્યાં છે. જ્યાં શિવાલય નજીક આવેલ છે. આ તળાવમાં કમળથી સુશોભિત તળાવ થઈ રહેલ જે કેમેરામાં દૃષ્ટિમાન થાય છે. (તસવીર : વાઘેલા ગજુભા એન.)

# પ્રાંતિજ ખાતે મતદાર જાગૃતિ રેલી યોજાઈ

પ્રાંતિજ, તા.૬

આગામી આવનારી ચુંટણી ૨૦૧૨માં મતદારોમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી ભારત સરકાર દ્વારા આજે પ્રાંતિજ ખાતે મતદાર જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં શાળાના બાળકો બેનરો, પ્લેકાર્ડ સાથે પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ફરીને મતદારોને મતદાન કરવાનો સંદેશો આપ્યો હતો.

ભારત સરકારના ઈન્ફર્મેશન બ્રોડકાસ્ટીંગ અને માહિતિ ખાતા દ્વારા પ્રાંતિજ ખાતે આજે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીનો મુખ્ય હેતુ આગામી વિધાનસભાની આવનારી ચુંટણીમાં મતદાર ભાઈઓ-બહેનો પોતાના મતનું મુલ્ય સમજી મતદાન કરે એ જાગૃતિ મેળવે. રેલીમાં શાળાના બાળકો બેનરો, સુત્રો લખેલા પ્લેકાર્ડ સાથે જોડાયા હતા. પ્રાંતિજ શહેરના વિવિધ વિસ્તારમાં ફરીને મતદારોને મતદાન કરવાનો સંદેશો આપ્યો હતો. રેલીમાં ફીલ્ડ પબ્લીસીટી આસીસ્ટન્ટ એ.જી. સોલંકી, શાળા સ્ટાફ, બાળકો સહિત જાગૃત નાગરિકો જોડાયા હતા.

ભાજપ ઓફિસ પર ભાજપના કાર્યકરો નરેન્દ્ર મોદીના માસ્ક પહેરી દેખાયા હતા.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન